# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-12-2025 Day: Monday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કેન્દ્રીયગૃહમંત્રી-નમોત્સવને ભારતના આત્મ વિશ્વાની યાત્રા ગણાવી:

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યુ કે, નમોત્સવ એક વ્યક્તિની નહીં પરંતુ ભારતના આત્મવિશ્વાસની યાત્રા છે. શ્રી શાહે, અમદાવાદના મણિપુર ખાતે આયોજિત નરેન્દ્ર મોદીના જીવનચરિત્ર પર આધારિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શૉ 'નમોત્સવ' કાર્યક્રમને ખુલ્લો મુકતા જણાવ્યુ હતું.**

**અમદાવાદમાં ૧૫૦ કલાકારો દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન, વિચાર અને રાષ્ટ્રનિર્માણની યાત્રાને નમોત્સવ દ્વારા રજૂ કરવામાં આવી છે.**

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-2027 સુધીમાં ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, 2027 સુધીમાં ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનશે. અમદાવાદમાં વિશ્વ ઉમિયા ધામ ખાતે યુવા બિઝનેસ મહાસંમેલનમાં સંબોધન કરતાં શ્રી શાહે કહ્યું, દેશનું GDP 4.19 ટ્રિલિયન ડોલરે પહોંચ્યું છે ટૂંક સમયમાં જ ભારત 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે. તેમણે ઉમેર્યું, વર્ષ 2024-25માં વિશ્વના 50 ટકા ડિઝિટલ નાણાકીય વ્યવહાર ભારતમાં થયા છે.

---

## કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજીમંત્રી-જિતેન્દ્ર સિંહ-ખરડો સૌથી મોટો વિજ્ઞાન સુધારો:

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે શાંતિ ખરડાને નરેન્દ્ર મોદી સરકારના સૌથી મોટા વિજ્ઞાન સુધારાઓમાંનો એક ગણાવ્યો છે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી સિંહે કહ્યું કે, ભારતની પરમાણુ ઉર્જા ક્ષમતા 2014 માં લગભગ 4.4 ગીગા વોટથી બમણી થઈને આજે લગભગ 8.7 ગીગા વોટ થઈ ગઈ છે.

મંત્રીએ કહ્યું કે, શાંતિ ખરડો ભારતના પરમાણુ ક્ષેત્રમાં એક ઐતિહાસિક સુધારાનું પ્રતીક છે, જે સલામતી, સાર્વભૌમત્વ અને જાહેર હિતના સમાધાનકારી ધોરણો જાળવી રાખીને શાંતિપૂર્ણ, સ્વચ્છ અને ટકાઉ ઉર્જા માટેની તેની સંભાવનાને ખુલ્લી પાડે છે.

---

## મતદારયાદી સુધારણા આગામી 3જી અને 4થી જાન્યુઆરીએ:

**ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-2026 અંતર્ગત ખાસ ઝુંબેશનું આયોજન કરાયું છે. જે અંતર્ગત  નાગરિકોની ઉંમર 1 જાન્યુઆરી, 2026ના રોજ 18 વર્ષ કે તેથી વધુ થતી હોય, તેઓ મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવી શકશે.**

**જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ અગામી ૩ અને 4 જાન્યુઆરીના દિવસે દરેક મતદાન મથક પર સવારથી સાંજ સુધી બુથ લેવલ ઓફિસર  હાજર રહેશે. અને નવા મતદારોના નામ નોંધાવવા, મુસદ્દા મતદારયાદીમાં સમાવિષ્ટ કોઈ નામ સામે વાંધો રજૂ કરવા માટે તેમજ મતદારયાદીની વિગતોમાં સુધારો કરવા માટે પોતાના ફોર્મ ભરી શકશે.**

---

## જિલ્લાના ધાર્મિક-પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનો ધસારો:

**હાલ નાતાલની રજાઓ દરમ્યાન દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ કચ્છનાં પ્રસિદ્ધ યાત્રાધામો માતાના મઢ, નારાયણ સરોવર-કોટેશ્વર, ઉમિયાધામ વાંઢાય, વ્રજવાણી અને કાળાડુંગરનાં દત્ત મંદિર,ભુજ સ્વામીનારાયણ મંદિર જેવાં સ્થાને હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ-પ્રવાસીઓ ઊમટયા છે. છેલ્લા ચાર દિવસ દરમ્યાન 60 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ માતાનામઢ ખાતે દર્શનનો લાભ લીધો હોવાના અહેવાલ સાંપડ્યા છે.જેને પગલે સ્થાનિક બજારોમાં વેપાર ઉપર તેજી જોવા મળી રહી છે. તો જીલ્લાના અન્ય પ્રવાસન ધામો ધોરડો, ધોળાવીરા,માંડવી સહિતના સ્થાનો પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. કેટલાક સ્થાનોએ વાહન પાર્કિંગ અને અન્ય આનુસંગિક વ્યવસ્થાઓમાં પ્રવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પોલીસના જવાનો દ્વારા ટ્રાફિક તથા સુરક્ષા વ્યવસ્થા માટે જરૂરી પગલા લેવામાં આવ્યા હતા.**

---

## મહિલા ક્રિકેટ :

ભારતીય મહિલા ટીમે શ્રી લંકાને 30 રને હરાવી ટી-20 મેચમાં વિજયની પરંપરા જાળવી રાખી છે. તીરુવનંતપુરમ ખાતેની ચોથી ટી-20 મેચમાં ભારતે નિર્ધારિત 20 ઓવરમાં બે વિકેટ ગુમાવી 221 રન કર્યા હતા. સ્મૃતિ મંદાનાએ 80, શેફાલી વર્માએ 79,રિચા ઘોષ 40 અને સુકાની હરમન પ્રીત કૌરે 16 રન કર્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ 6 વિકેટ ગુમાવી 191 રન કરી શકી હતી. વૈષ્ણવી અને અરૂંધતીએ બે-બે વિકેટ ઝડપી હતી. ભારતે આ વિજય સાથે પાંચ મેચની શ્રેણીમાં ચાર શૂન્યની સરસાઇ મેળવી છે.

---

## ગાંધીધામ મનપા બે મહત્વના રોડ પ્રોજેક્ટસ:

**ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગોને અત્યાધુનિક અને સુવિધાયુક્ત બનાવવા માટે પગલા અંર્તગત શહેરના ટ્રાફિક અને સુંદરતાને ધ્યાને રાખીને બે મહત્વના રોડ પ્રોજેક્ટ્સ પાછળ અંદાજે રૂ.33 કરોડ 66 લાખ ખર્ચ કરી તેને 'આઇકોનિક રોડ' તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આ માર્ગો પર આધુનિક ફૂટપાથ, લેન્ડસ્કેપિંગ અને**

**રોડ ફર્નિચર સહિતની સુવિધાઓ, રોડને આઈકોનિક લૂક આપી શહેરના પ્રવેશદ્વારને વધુ ભવ્ય બનાવવામાં આવશે.**

---

## <u>હવામાન:</u>

આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય જોકે ત્યારબાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં નોંધાયેલા લઘુતમ તાપમાનની વાત કરવામાં આવે તો, 10 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે.

---